# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-06-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-ચેનાબ પુલ અને અંજીપ પુલનું ઉદ્દઘાટન

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે અનેક મુખ્ય પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન જમ્મુ અને કાશ્મીરની વિકાસ યાત્રામાં એક મહત્વપૂર્ણ પગલું છે. કટરા ખાતે ચેનાબ પુલ અને અંજી પુલનું ઉદ્ઘાટન કરતા શ્રી મોદીએ કહ્યું કે અત્યાધુનિક ચેનાબ પુલ જમ્મુ અને શ્રીનગર વચ્ચે જોડાણ સુધારશે.. શ્રી મોદીએ એમ પણ કહ્યું કે ચેનાબ અને અંજી પુલ જમ્મુ અને કાશ્મીર માટે સમૃદ્ધિના પ્રવેશદ્વાર તરીકે સેવા આપશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે જ્યારે પણ પાકિસ્તાન ઓપરેશન સિંદૂરનું નામ સાંભળશે, ત્યારે તેને તેની શરમજનક હાર યાદ આવશે. શ્રી મોદીએ લોકોને ભારતમાં બનેલા માલને પ્રાથમિકતા આપવાનો સંકલ્પ લેવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ 46 હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કર્યા. શ્રી મોદીએ જમ્મુ અને કાશ્મીરમાં કનેક્ટિવિટી વધારતી વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપી અને જમ્મુમાં એક મેડિકલ કોલેજનો શિલાન્યાસ પણ કર્યો.**

**--------------------------------------------------------------------------------**

## કચ્છ : ડ્રોપઆઉટ રેશિયો

**રાજ્યમાં હવે પ્રાથમિક સ્કૂલોની સાથે માધ્યમિક સ્કૂલોના ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે સમગ્ર શિક્ષા દ્વારા સઘન પ્રયાસો હાથ ધરાયા છે, જે અંતર્ગત કચ્છમાં અંદાજે ધો.-8માં ઉત્તીર્ણ થયેલા 38 હજારથી વધુ વિદ્યાર્થી ધોરણ-9માં પ્રવેશ મેળવે તેવા પ્રયાસો હાથ ધરાશે. રાજ્યમાં ધોરણ-9 અને 10માં 23.28 ટકા ડ્રોપઆઉટ રેશિયો હોવાની વિગતો સામે આવતાં શિક્ષણ વિભાગ દ્વારા શાળા પ્રવેશોત્સવ વખતે માધ્યમિકમાં ડ્રોપઆઉટ રેટ ઘટાડવાની માર્ગદર્શિકા**

જાહેર કરાઈ છે. જિલ્લા શિક્ષણ કચેરીમાંથી પ્રાપ્ત વિગતો મુજબ ગત પરીક્ષાઓ બાદ કચ્છમાં ધોરણ-8માં 38 હજાર 075 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા હતા, આ તમામ છાત્ર ધોરણ-9મામાં પ્રવેશ મેળવે તે માટે લક્ષ્યાંક નક્કી કરાયું છે. નવાં સત્ર દરમ્યાન અંદાજે 20 હજાર વિદ્યાર્થી ધોરણ-11માં પ્રવેશ મેળવે તેવા પ્રયાસ હાથ ધરાશે.

---------------------------------------------------------------------------------------

## સરકારના 11 વર્ષ : કચ્છમાં વિકસીત ભારત સંકલ્પ સભા

કેન્દ્રમાં મોદી સરકારને 11 વર્ષ પૂર્ણ થતાં પ્રધાનમંત્રીની સંકલ્પથી સિદ્ધિ યાત્રાને પ્રદેશ ભાજપ સાથે કચ્છ ભાજપ દ્વારા પણ વધાવાઈ રહી છે. યોગનુયોગ પ્રધાનમંત્રી દ્વારા ભુજ ખાતે જ 11 વર્ષની પૂર્ણાહૂતિનો દિવસ ઉજવાયો હતો. સંકલ્પથી સિદ્ધિ સુધી 'મોદી સરકારના 11 વર્ષ' અંતર્ગત ભુજમાં પક્ષ દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. .પ્રદેશ ભાજપ મીડિયા કન્વીનર યજ્ઞેશભાઇ દવેએ જણાવ્યું હતું કે 12થી 14 જૂન દરમિયાન વિકસિત ભારત સંકલ્પ સભા આયોજન થશે જમાં બૂથના કાર્યકરત્તાઓથી માંડી હોદ્દેદારો 11 વર્ષની સિદ્ધિઓને પ્રજા સુધી પહોંચાડવાનો પ્રયાસ હાથ ધરાશે. ખાટલા અને મહોલ્લા બેઠકોનું પણ આયોજન કરાશે.

---------------------------------------------------------------------------------------

## વૃક્ષરથને લીલીઝંડી

ભુજમાં વન વિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષણ ડો. સંદિપકુમારની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં પર્યાવરણ ક્ષેત્રે ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તીઓની સરાહના સાથે માર્ગદર્શન અપાયું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા દ્વારા ગામના સરપંચશ્રીઓને હરીયાળુ કચ્છ બનાવવા અને વધુમાં વધુ વૃક્ષો વાવવા માટેના આહ્વાન સાથે વૃક્ષરથને લીલીઝંડી આપાય હતી. નાયબ વન સંરક્ષણ જયનકુમાર પટેલે જણાવ્યું હતું કે, "વન વિભાગ દ્વારા ચાલુ વર્ષે ૪૦ લાખ રોપાનું વિતરણ તથા નવ લાખ રોપાનું વાવેતર કરવામાં આવશે." જે અંતર્ગત ભુજ અને માધાપરમાં ૧૫૦૦ રોપાનું મફત વિતરણ કરવામાં આવશે.

---

## કોરોના

કચ્છ જિલ્લામાં કોરોનાના કેસમાં આજે રાહત જોવા મળી છે.  આજે જિલ્લામાં એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી. ગઇકાલે જિલ્લામાં કોરોનાના બે કેસ નોંધાયા હતા. કચ્છમાં નોંધાયેલા 19 પૈકી ચાર દર્દીઓનો ક્વોરેન્ટાઇન સમયગાળો પુરો થયો છે. જેથી જિલ્લામાં હાલે કોરોના સક્રિય કેસનો આંક 15 છે. જેમને શરદી, તાવ જેવા લક્ષણ દેખાય તેમને માસ્કનો ઉપયોગ કરવા અને ભીડભાડવાળાં સ્થળે જવાનું ટાળવાની આરોગ્ય વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી છે.

---

## એ-વન ગ્રેડ મેળવનારનું સન્માન

ભુજના સરદાર પટેલ વિદ્યા સંકુલ ખાતે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા આયોજીત તેજસ્વી તારલાના સન્માન કાર્યક્રમમાં ધોરણ 10 અને 12માં એ-વન ગ્રેડ મેળવનારા 730 વિદ્યાર્થીઓને કલેકટર આનંદ પટેલ અને પોલીસ વડા વિકાસ સુંડાની ઉપસ્થિતિમાં સન્માનિત કરાયા હતા. જિલ્લા કલેકટરે તેજસ્વી છાત્રોની સિદ્ધિને બિરદાવી હતી તો પોલીસ વડાએ સોશિયલ મીડિયાનો સાવચેતી પૂર્વક ઉપયોગ કરવા ટકોર કરી હતી.

---

## સમર કેમ્પ

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યના દરેક શહેરોમાં બાળકો માટે સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છમાં ગાંધીધામ, આદિપુર તથા અંજારમાં સમર યોગ કેમ્પ યોજાયો હતો. ૨૦૦થી વધુ  બાળકોએ આ સમર કેમ્પનો લાભ લઈ મેદસ્વિતા મુક્ત થવા તરફ ડગ માંડ્યા હતાં. એચ આર. ગજવાણી પ્રાથમિક શાળા ગાંધીધામ અને ગજવાણી પાઠશાળા સંકુલના સંયુક્ત ઉપક્રમે સમર યોગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ શિબિરમાં

**બાળકોને દરરોજ પ્રાણાયામ, ધ્યાન સંગીત, યોગના આસનો, વિગેરેની તાલીમ સાથે ભેટ આપી પ્રોત્સાહિત કરાયા હતા.**

**------------------------------------------------------------------------------------------**